# શ્રમણોપાસક અંબડ પરિવ્રાજક

[ શ્રી ગૌતમ અને ભ૦ શ્રી મહાવીરનો સંવાદ ]

શ્રમણ ભગવાન્ શ્રી **મહાવીરદેવે** ત્રીસમું વર્ષા-ચતુર્માસ વાણિજ્યગ્રામમાં વ્યતીત કર્યું. ચતુર્માસ પૂરું થયે તેઓશ્રી શ્રાવસ્તી આદિ નગરોમાં વિચરતા વિચરતા પાંચાલ દેશ તરફ પધાર્યા અને કામ્પિલ્યપુરની બહાર સહસ્રામ્રવનમાં વાસ કર્યો.

કામ્પિલ્યપુરમાં **અંબડ** નામનો બ્રાહ્મણ પરિવ્રાજક સાતસો શિષ્યોનો ગુરુ રહેતો હતો. અંબડ અને તેના શિષ્યો ભ૦ મહાવીરના ઉપદેશથી જૈનધર્મના ઉપાસક બન્યા હતા. પરિવ્રાજકનો બાહ્ય વેષ અને આચાર હોવા છતાં પણ તેઓ શ્રાવકોને પાળવા યોગ્ય વ્રત-નિયમો પાળતા હતા.

કામ્પિલ્યપુરમાં ઈન્દ્રભૂતિ-ગૌતમે અંબડના વિષયમાં જે વાતો સાંભળી, તેથી ઈન્દ્રભૂતિ-ગૌતમનું હૃદય સશંક હતું. તેમણે ભગવાનને પૂછયું કે-ભગવન્! ઘણા લોકો એમ કહે છે અને પ્રતિપાદન કરે છે કે-અંબડ પરિવ્રાજક કામ્પિલ્યપુરમાં એક જ વખતે સો ઘરોનું ભોજન કરે છે અને સો ઘરોમાં રહે છે, તો તે કેવી રીતિએ?

**ભ૦ શ્રી મહાવીર**-ગૌતમ! અંબડના વિષયમાં લોકોનું તે કહેવું યથાર્થ છે.

**શ્રી ગૌતમ**-ભગવન્! તે કેવી રીતિએ?

**ભ૦ શ્રી મહાવીર**-ગૌતમ! અંબડ પરિવ્રાજક વિનીત અને ભદ્ર પ્રકૃતિનો પુરુષ છે. તે નિરંતર છટ્ઠ-છટ્ઠનો તપ કરી સખત તાપમાં ઊભો રહી આતાપના લે છે. આ દુષ્કર

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

તપ, શુભ પરિણામ અને પ્રશસ્ત લેશ્યાશુદ્ધિથી વિશેષ કર્મોનો ક્ષયોપશમ થઇ, અંબડને વૈક્રિયલબ્ધિ અને અવધિજ્ઞાનલબ્ધિ પ્રાપ્ત થઈ છે. આ લબ્ધિઓના બળથી અંબડ પોતાના સો રૂપ બનાવી સો ઘરોમાં રહી ભોજન કરે છે અને લોકોને આશ્ચર્ય દેખાડે છે.

**શ્રી ગૌતમ**-ભગવન્! શું અંબડ પરિવ્રાજક નિર્ગ્રન્થધર્મની દીક્ષા લઇ આપનો શિષ્ય થવાને યોગ્ય છે?

**ભ૦ શ્રી મહાવીર**-ગૌતમ! અંબડ મારો શ્રમણશિષ્ય નહિ થાય. તે જીવાજીવાદિ તત્ત્વજ્ઞ શ્રમણોપાસક છે અને શ્રમણોપાસક જ રહેશે. તે સ્થૂલ હિંસા, સ્થૂલ અસત્ય તથા સ્થૂલ અદત્તાદાનનો ત્યાગી, તેમજ સર્વથા બ્રહ્મચારી અને સંતોષી છે. તે મુસાફરીના માર્ગમાં વચ્ચે આવવાવાળા પાણીથી અતિરિક્ત કૂપ, નદી આદિ કોઈ પ્રકારના જલાશયમાં ઉતરતો નથી. તે ગાડી, રથ, પાલખી આદિ વાહન અથવા ઘોડા, હાથી, ઉંટ, બળદ, ભેંસ, ગધેડા આદિ વાહન ઉપર બેસીને યાત્રા કરતો નથી. તે નાટક, ખેલ, તમાસા દેખતો નથી. તે સ્ત્રીકથા, ભોજનકથા, દેશકથા, રાજકથા, ચોરકથા તેમજ અન્ય અનર્થકારી વિકથાઓથી દૂર રહે છે.

તે લીલી વનસ્પતિનું છેદન-ભેદન અને સ્પર્શ શુદ્ધાં નથી કરતો. તે તુંબડું, કાષ્ઠપાત્ર અને માટીના પાત્રથી અન્ય અતિરિક્ત લોહ, ત્રપુ, તામ્ર, ચાંદી, સોના આદિ કોઈ પ્રકારના ધાતુના પાત્ર નથી રાખતો. તે એક ગેરુઆ ચાદરથી અન્ય બીજું કોઇ પણ રંગીન વસ્ત્ર રાખતો નથી. તે એક તામ્રમય અંગુલી (વીંટી) સિવાય અન્ય હાર, અર્ધ હાર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એકાવલી, મુક્તાવલી, કટીસૂત્ર, મુદ્રિકા, કેયૂર, કુંડલ, મુકુટ આદિ કોઇ પણ આભૂષણ પહેરતો નથી. તે ગંગા નદીની માટીથી અતિરિક્ત અગર, ચંદન, કુંકુમ આદિનું શરીર ઉપર વિલેપન કરતો નથી. તે પોતાને માટે બનાવેલો, લાવેલો, ખરીદેલો તથા અન્ય દૂષિત આહાર ગ્રહણ કરતો નથી. તે અપધ્યાન, પ્રમાદાચરિત, હિંસપ્રદાન અને પાપકર્મોપદેશરૂપ ચતુર્વિધ અનર્થદંડથી દૂર રહે છે. તે દિવસમાં માગધ આઢકપ્રમાણ વહેતા એવા સ્વચ્છ જલને સારી રીતિએ ગાળીને ગ્રહણ કરે છે અને અર્ધ આઢકપ્રમાણ પીવા તથા હાથ-પગ ધોવાને માટે બીજાએ આપેલા જલને ગ્રહણ કરે છે, કિન્તુ બન્ને રીતે સ્વયં જલાશયમાંથી લેતો નથી. તેમજ તે અંબડ અર્હન્ત ભગવંતો અને તેમના ચૈત્યોને (મૂર્તિઓને) છોડીને અન્ય તીર્થિકોના દેવો અને અન્યતીર્થિક પરિગૃહીત અર્હંત્ ચૈત્યોને વંદન-નમસ્કાર કરતો નથી.

**શ્રી ગૌતમ**-ભગવન્! અંબડ પરિવ્રાજક આયુષ્ય પૂરું કરીને અહીંથી કયી ગતિમાં જશે?

**ભ૦ શ્રી મહાવીર**-ગૌતમ! અંબડ નાના-મોટા શીલવ્રત, ગુણવ્રત, પૌષધોપવાસપૂર્વક આત્મચિંતન કરતો, ઘણા વર્ષો સુધી શ્રમણોપાસક વ્રતમાં રહીને, અન્તે એક માસના અનશનપૂર્વક દેહનો ત્યાગ કરી બ્રહ્મદેવલોકમાં દેવપદ પ્રાપ્ત કરશે અને પ્રાન્તે અંબડનો જીવ મહાવિદેહમાં મનુષ્યજન્મ પામીને સિદ્ધિગતિને પ્રાપ્ત કરશે.

શ્રમણોપાસક અંબડ પરિવ્રાજકના વિષય પરત્વે શાસ્ત્રમાં જે કથન છે, તેનો ભાવાર્થ નીચે પ્રમાણે છેઃ—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"અંબડ સ્થૂલ હિંસાને તજતો, નદી આદિને વિષે ક્રીડાને નહિ કરતો, નાટક-વિકથાદિ અનર્થદંડને નહિ આચરતો, તુંબડું, લાકડાનું પાત્ર અને માટીના પાત્ર સિવાય અન્યને નહિ રાખતો, ગંગા નદીની માટી સિવાય અન્ય વિલેપન નહિ કરતો, કંદમૂળ-ફલાદિને નહિ ખાતો, આધાકર્માદિ દોષદુષ્ટ આહારને નહિ સેવતો, એક માત્ર ધાતુની વીંટી સિવાય અન્ય આભૂષણને નહિ ધારણ કરતો, ગેરુઆ રંગના વસ્ત્રને પહેરતો, કોઈ પણ ગૃહસ્થવડે અપાયેલું-વસ્ત્રવડે સારી રીતે ગાળેલું અર્ધ આઢક-પ્રમાણ જલ પીવા માટે કમંડળવડે શોધીને ગ્રહણ કરતો, તે જ પ્રમાણે આઢકપ્રમાણ જલ સ્નાન માટે ગ્રહણ કરતો, શ્રી જિનેશ્વરદેવપ્રણીત શુદ્ધ ધર્મને વિષે જ એકમતિને ધારણ કરતો, પોતાનો સઘળોય જન્મ સફળ કરીને, પ્રાન્તે નજીકમાં સદ્‌ગતિ છે જેને એવો એક માસની સંલેખના કરીને બ્રહ્મદેવલોકને પામશે. ત્યાં દિવ્ય એવા દેવતાના સુખને ભોગવીને, ક્રમે માનવભવ પામીને સંયમ-આરાધનાપૂર્વક મોક્ષગતિને પામશે."

ધર્મની સાધના જ્ઞાનની સાથે સંબંધ રાખે છે, પણ બાહ્ય વેષની સાથે નહિ. બાહ્ય વેષ પીછાન અને સંયમ-નિર્વાહનું કારણ માત્ર છે. મોક્ષપ્રાપ્તિ જ્ઞાન, દર્શન અને ચારિત્રના સ્વીકારદ્વારા જ હોય છે.

પોતાથી શકય અનુષ્ઠાનમાં રક્ત અને ભગવાન શ્રી જિનેશ્વરદેવપ્રણીત શુદ્ધ ધર્મને વિષે એકચિત્તવાળો શ્રમણોપાસક અંબડ પરિવ્રાજકના સદરહુ વ્યતિકરથી વર્તમાન શ્રાવક લોકોને પરિગ્રહ વિગેરે બાબતમાં કેટલી હિતશિક્ષા લેવા યોગ્ય છે, તે સ્વયં હૃદયગત વિચારે!

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org